ટ્રેનના યાત્રીભાડામાં વધારો કરવા બંસલનો સંકેત

નવા રેલવે પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી : રેલવે હાલમાં નાણાંકીય કટોકટીમાં હોવાની કબૂલાત : પ્રોજેક્ટો નાણાંના અભાવથી વિલંબમાં મૂકાયા

નવી દિલ્હી,તા. ૨૯

નવા રેલવે પ્રધાન પવનકુમાર બંસલે મોટાફેરફારનો સંકેત આપતા આજે કહ્યુ હતુ કે રેલવે યાત્રી ભાડામાં

વધારો કરવામાં આવશે. જો જરૂર પડશે તો યાત્રી ભાડામાં વધારો કરવામાં આવશે. બંસલે કહ્યુ હતુ કે ટિકિટ રિઝર્વેશન સિસ્ટમને વધુ સુધારવામાં આવશે જેથી પ્રામાણિત યાત્રીઓને કન્ફોર્મ ટિકિટ વહેલી તકે મળી શકશે. ટિકિટ રિઝર્વેશન પ્રક્રિયામાં સુધારો લવાશે. આમાં ટેકનોલોજીનો વધારે ઉપયોગ કરાશે જેથી ટિકિટ મેળવવામાં ઓછી તકલીફ પડશે.

સર્વોચ્ચ પ્રાથમિકતા યાત્રીઓની સુરક્ષા રહેશે. પત્રકાર પરિષદમાં બંસલે આ મુજબની વાત કરી હતી. અગાઉ સંસદીય બાબતોના પ્રધાન તરીકે સેવા આપી ચુકેલા બંસલને ગઈકાલે કેન્દ્રિય કેબિનેટમાં ધરખમ ફેરફાર દરમિયાન રેલવે પ્રધાન બનાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણીની પહેલા વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા આ સુધારા હાથ ધરવામાં આવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના નેતા મુકુલ રોયે રાજીનામું આપી દીધા બાદ રેલવે ખાતુ ખાલી હતી. યુપીએ સરકાર સાથે મમતા બેનર્જીએ ટેકો પાછો ખેંચી લીધા બાદ મુકુલ રોયે પણ રાજીનામું આપ્યુ હતુ. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકાર દ્વારા શ્રેણીબદ્ધ મોટા સુધારા હાથ ધરવામાં આવ્યા બાદ નારાજગી વ્યક્ત કરીને મમતા બેનર્જીએ ટેકો પાછો ખેંચી લીધો હતો. સરકારે તાજેતરમાં જ કેટલાક કઠોર પગલા લીધા હતા જેમાં મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને મંજુરી આપવાનો સમાવેશ થાય છે. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં ૫૧ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત સબસિડી વાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા ઘટાડીને છ કરી દેવામાં આવી હતી. ટીએમસીના વડાએ દિનેશ ત્રિવેદી બાદ રેલવે પ્રધાન તરીકે મુકુલ રોયની નિમણૂંક કરી હતી. ત્રિવેદીએ રેલવે બજેટ રજુ કરતી વેળા યાત્રી ભાડામાં વધારો કર્યો હતો જેથી ભારે હોબાળો થયો હતો. આ ભાડા વધારાની જાહેરાત બાદ ત્રિવેદીનું રાજીનામું લઈ લેવામાં આવ્યું હતુ. મમતાએ એવી ફરિયાદ કરી હતી કે ત્રિવેદીએ ભાડામાં વધારો જાહેર કરતા પહેલા તેમની પરવાનગી લીધી ન હતી. આખરે ત્રિવેદીને રાજીનામું આપવાની ફરજ પડી હતી. ત્યારબાદ મુકુલ રોયને આ જવાબદારી સોંપવામાં આવી હતી. બંસલે કહ્યુ હતુ કે દરરોજ ૧૧૦૦૦ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે જેથી યાત્રીઓની સુરક્ષાની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. સેવામાં સુધારો પણ મહત્વપૂર્ણ છે.

ઝડપી નિર્ણય અને મૂડીરોકાણ ઉપર ખાસ ભાર મુકવામાં આવશે : મોઈલી

નવી દિલ્હી,તા. ૨૯

નવા પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ આજે કહ્યુ હતુ કે ઝડપી નિર્ણય અને મૂડીરોકાણ ઉપર ખાસ ભાર મુકવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે મૂડીરોકાણને વધારવા સાનુકૂળ વાતાવરણ સર્જવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઝડપી નિર્ણય પ્રક્રિયા ખૂબ મહત્વપૂર્ણ સાબિત થશે. ૭૨ વર્ષીય મોઈલીએ નવા પેટ્રોલિયમ પ્રધાન તરીકેની જવાબદારી આજે

સંભાળી લીધી હતી. મોઈલીએ એસ જયપાલ રેડ્ડીની જગ્યાએ આ જવાબદારી સંભાળી છે. તેમની પ્રાથમિકતા આયાત ઉપર આધાર ઓછો રાખવો પડે તે માટે તેલ અને ગેસ સંશોધનને ઝડપી બનાવવા ઉપર રહેશે. ફુગાવાને લઈને મોઈલીએ ચિંતા વ્યક્ત કરી હતી. નવા પેટ્રોલિયમ પ્રધાન તરીકેની જવાબદારી સંભાળતા ખુશી વ્યક્ત કરતા તેમણે કહ્યુ હતુ કે નવી શોધ મારફતે આયાતને ઘટાડવામાં આવશે. નિર્ણયમાં વિલંબ કરવાથી દેશને નુકસાન થશે. તેમના અનુગામીની પ્રશંસા કરતા મોઈલીએ કહ્યુ હતુ કે રેડ્ડીએ ખુબજ શાનદાર કામગીરી કરી હતી. વહીવટી તંત્રના ઉંચા ધારાધોરણો બેસાડ્યા હતા. પ્રાથમિકતા રજુ કરતા મોઈલીએ કહ્યુ હતુ કે સ્થાનિક અને વિદેશી કંપનીઓ માટે સાનુકૂળ વાતાવરણ સર્જવામાં આવશે. ઓઈલ રિટેલર્સને થઈ રહેલા નુકસાનના મુદ્દે પણ મોઈલીએ વાત કરી હતી. સાનુકૂળ પોલીસી પર્યાવરણ મારફતે મૂડીરોકાણને પ્રાથમિકતા અપાશે. રોકાણકારોનો વિશ્વાસ વધે તેવા પ્રયાસ કરાશે.

૨૬/૧૧ : ભારતીય તપાસ ટીમને પાકિસ્તાનની મંજૂરી

મુંબઈ હુમલા કેસમાં પાકિસ્તાન સહકાર કરવા ઈચ્છુક છે : મુલાકાત તારીખ અંગે ટૂંકમાં નિર્ણય કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૨૯

વર્ષ ૨૦૦૮માં ભારતની આર્થિક અને મનોરંજન રાજધાની મુંબઈ પર થયેલા ભીષણ આતંકી હુમલા કેસમાં તપાસ માટે ભારતીય ટીમને પાકિસ્તાન આવવા પાકિસ્તાન સરકારે મંજૂરી આપી દીધી છે. કેસમાં પકડાયેલ આતંકી સંગઠન લશ્કરે તોઈબાના કમાન્ડર ઝકી ઉર રહેમાન લખવી સહિત અન્ય છ સામે એકઠો કરવામાં આવેલ પુરાવાનું નિરીક્ષણ કરવા હેતુ ભારતીય તપાસ ટીમ પાકિસ્તાન જશે. જો કે પાકિસ્તાની સરકારે ઉર ની તપાસ કરી રહેલ ભારતની નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ)ની મુલાકાતની તારીખ હજુ સુધી નક્કી કરી નથી. ગત માર્ચમાં ભારતની મુલાકાતે આવેલ પાકિસ્તાન જ્યુડીશીયલ પંચે એકઠા કરેલા પુરાવા પાકિસ્તાન કોર્ટ કેમ સ્વીકારતી નથી. તેની સમજ માટે એનઆઈએ પાકિસ્તાન જશે. ભારતીય ગૃહ મંત્રાલયે એક યાદીમાં આજે કહ્યુંહતું કે, એનઆઈએની ટીમની મુલાકાતને પાકિસ્તાને સૈદ્ધાતિંક મંજૂરી આપી છે. પરંતુ અધિકૃત વિનંતી વિદેશ મંત્રાલય દ્વારા કરાશે. ત્યાર બાદ તારીખો નક્કી થશે. ૨૬/૧૧ના કેસમાં સતત થઈ રહેલા વિલંબથી નારાજગી વ્યક્ત કરીને ભારતે પાકિસ્તાનને પોતાની ટીમ પુરાવાના નિરીક્ષણ માટે મોકલવા ઈચ્છા વ્યક્ત કરી હતી.

ડોલર સામે રૂપિયો એક માસની નીચી સપાટીએ

મુંબઈ,તા.૨૯

અમેરિકી ડોલર સામે રૂપિયો ગગડીને આજે એક મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમિક્ષા પહેલા રૂપિયો ડોલર સામે ૫૪ની સપાટીને પાર કરી ગયો છે. કારોબારના અંતે ડોલર સામે રૂપિયો આજે ૫૪.૦૮ની સપાટીએ રહ્યો હતો. ગ્રીસ અને સ્પેનમાં અનિશ્ચિતતા વચ્ચે ઉથલપાથલ જોવા મળી રહી છે. રિઝર્વ બેંક પર હાલમાં દબાણ વધ્યુ છે.

મનમોહનસિંહની નવી ટીમે જવાબદારી સંભાળી

કોંગ્રેસ સંગઠનમાં હવે ટૂંકમાં મોટા ફેરફારો થવા ભણકારા

નવી દિલ્હી,તા. ૨૯

વડાપ્રધાન મનમોહનસિંહના પ્રધાનમંડળમાં વ્યાપક ફેરફાર કરવામાં આવ્યા બાદ હવે કોંગ્રેસમાં સંસ્થાકિય ફેરફાર ટૂંકમાં જ હાથ ધરવામાં આવનાર છે. કોંગ્રેસ સંગઠનમાં ફેરફાર થયા બાદ રાહુલ ગાંધીને મોટી ભૂમિકા આપવામાં આવે તેવી શક્યતા છે. સંગઠનમાં ફેરફાર આ સમાહમાં જ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

થોડાક દિવસ પહેલા જ કોંગ્રેસના મહાસચિવ અને પાર્ટીના પ્રવક્તા જનાર્દન દ્વિવેદીએ કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટીમાં રાહુલ ગાંધી બે નંબર ઉપર છે. હવે આ વાતની શક્યતા વધી ગઈ છે કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીમાં ફેરફાર નિશ્ચિત છે. સોનિયા ગાંધી કેબિનેટમાં ફેરફાર બાદ હવે સંગઠનમાં ફેરફાર ઉપર મુખ્યધ્યાન કેન્દ્રિત કરશે. લોકસભા ચૂંટણી પહેલા જોરદાર તૈયારી કોંગ્રેસ હાથ ધરનાર છે.

રાહુલ અંગે પુછવામાં આવતા ગઈકાલે જ વડાપ્રધાને કહ્યુ હતુ કે તેઓ અનેક વખત કેબિનેટમાં સામેલ કરવા વાત કરી ચુકયા છે. પરંતુ રાહુલ અન્ય ઘણી જવાબદારી અદા કરી રહ્યા છે. પક્ષની મજબુત કરવાની તેમની ઈચ્છા છે. રાહુલ ગાંધીના સંબંધમાં કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે કહ્યુ છે કે પાર્ટીમાં તેમને નવા હોદ્દા આપવામાં આવી શકે છે. કેબિનેટમાં સામેલ નહીં કરાયા બાદ શક્યતા વધી ગઈ છે. વડાપ્રધાને આમંત્રણ આપ્યુ હોવા છતાં રાહુલે કેબિનેટમાં સામેલ નહીં થવાનો નિર્ણય કર્યો હતો. રાહુલ ગાંધી શનિવારે પોતાની માતા અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા હતા.

પ્રધાનોની યાદીને આખરી ઓપ આપવામાં પણ રાહુલે ભૂમિકા અદા કરી હતી. જ્યોતિરાદિત્ય સિંધિયા અને સચિન પાઈલોટ જેવા યુવા પ્રધાનોની બઢતીમાં રાહુલની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. રાહુલ ગાંધીને કેબિનેટમાં સામેલ નહીં કરાયા બાદથી જ સંગઠનમાં ફેરફાર અંગે અટકળો તીવ્ર બની છે.

અમેરિકામાં સેન્ડી વાવાઝોડાના કારણે અતિ ભારે નુકસાનની દહેશત

વોશિંગ્ટન,તા.૨૯

સેન્ડી વાવાઝોડાના કારણે અતિ ભારે નુકસાનની દહેશત વચ્ચે પ્રમુખ બરાક ઓબામાએ આ વાવાઝોડાને હળવાશથી ન લેવા લોકોને અપીલ કરી છે. સાથે સાથે સાત રાજયોમાં ઈમરજન્સીની જાહેરાત કરવામાં આવી છે. લોકોને સુરક્ષિત ખસેડવાની કામગીરી પણ ચાલી રહી છે. બજારો બંધ કરી દેવામાં આવ્યા છે. ન્યૂયોર્ક શહેર અને વોશિંગ્ટન ડીસીમાં સબ વે, મેટ્રો અને બસ સેવા બંધ કરી દેવામાં આવી છે. સ્કૂલ અને કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. કેરેબિયન વિસ્તારમાં ભારે નુકસાન કર્યા બાદ ચક્રવાર્તી વાવાઝોડું સેન્ડી સૈકડો માઈલની ગતિથી અમેરિકામાં ઉત્તર પૂર્વીય ક્ષેત્ર તરફ વધી રહ્યું છે. એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આના કારણે અમેરિકાના ૧૨ રાજ્યોના આશરે ૬ લાખ લોકો ઉપર માઠી અસર થશે. હવામાન વિભાગ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે સેન્ડી તોફાન ખૂબ જ પ્રચંડ છે અને આનાથી ભારે નુકસાનની દહેશત છે. આને ધ્યાનમાં રાખીને અમેરિકાના સાત રાજ્યોમાં ઈમરજન્સીની જાહેરાત કરી લેવામાં આવી છે. પ્રમુખ ઓબામાએ પણ લોકોને સાવધાન રહેવાની અપિલ કરી દીધી છે.

જાણકાર લોકોના કહેવા મુજબ આ વાવાઝોડું મોડી રાત સુધી અમેરિકાના વિસ્તારોમાં ત્રાટકી શકેછે. ન્યૂયોર્ક વહીવટી તંત્રએ શહેરમાં લોકો સાથે સંબંધિત ઘણી સેવા રવિવારથી જ બંધ કરી દીધી છે. સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. રાજ્યના ગવર્નર એન્ડ્રુ ક્યુમોએ કહ્યું છે કે મેટ્રો, બસ અને ટ્રેન સેવા રદ કરવામાં આવી છે. દરમિયાન પ્રમુખની ઓફિસ વાઈટ હાઉસે કહ્યુંછે કેબરાક ઓબામા

ઓહિયોમાં પોતાના ચૂંટણી પ્રચારને છોડીને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને વોશિંગ્ટન પરત ફર્યા છે. ન્યૂયોર્ક શહેરમાં આશરે ત્રણ લાખ ૭૫ હજાર લોકોને નીચાણવાળા વિસ્તારોમાંથી ખસેડીને બીજા સ્થળો સુધી પહોંચાડવામાં આવ્યા છે. લોકોને સુરક્ષિત સ્થળો ઉપર પહોંચાડવાનો આદેશ મેયર માઈકલ બ્લુમબર્ગદ્વારા જારી કરવામાં આવ્યા છે. ડેલાવેરના દરિયાકાંઠાના વિસ્તારમાંથી ૫૦ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ન્યૂજર્સી વહીવટી તંત્રએ લોકોને કહ્યું છે કે જરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરી લેવામાં આવે. કારણ કે ઘણા દિવસ સુધી લોકોને ઘરમાં રહેવાની ફરજ પડી શકે છે. અમેરિકાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ઈમરજન્સીની જાહેરાત કરવામાં આવી છે. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ ચક્રવાર્તી વાવાઝોડું ઐતિહાસિક રહેશે. ન્યૂયોર્કમાં ભારે વરસાદ પડી શકે છે. હિમ વર્ષા પણ થઈ શકે છે. ઓહિયોમાં ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે જેની સીધી અસર વીજ પુરવઠા પર પડશે. વાવાઝોડાની માઠી અસર ૬ઠ્ઠી નવેમ્બર યોજાનારી પ્રમુખપદની ચૂંટણી ઉપર પણ થઈ શકે છે. પ્રમુખપદના બંને ઉમેદવારોએ પોતાના કાર્યક્રમમાં ફેરફાર કર્યો છે. પ્રમુખ બરાક ઓબામાએ ઈમરજન્સી સાથે સંકળાયેલા પ્રમુખો સાથે એક મહત્વની બેઠક યોજી છે જેમાં વાવાઝોડાને પહોંચી વળવા અંગેની તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી. રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર મીટ રોમનીએ હવામાનના કારણે વર્ઝિનિયા રાજયમાં પ્રચાર અભિયાનનો મહત્વપૂર્ણ તબક્કો રદ કરી દીધો છે.

મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

શ્યામભાઇ વ્યાસને અનેક ગૌરવ પ્રાપ્ત થયાં છે. તેમાં ઉત્તર બુનિયાદી શિક્ષણ જીવનનું ભાતું આપે છે. અધ્યાપન મંદિરમાં પી.ટી.સી.માં પ્રથમ વર્ષે ગુજરાતભરમાં ઉત્તર બુનિયાદી વચ્ચે ત્રણ દિવસ હરિફાઇ થાય. ૧૯૮૪ માં બોચાસણ ખાતે કાંતણ હરિફાઇમાં સૌથી વધુ તાર કાંતવામાં શ્યામભાઇનો સમગ્ર ગુજરાતમાં પહેલો નંબર આવ્યો હતો. પોતાનું શિક્ષણ પૂરૂં થયું અને આશ્રમશાળા સારોલ, તા. બોરસદ, જિ. આણંદમાં શિક્ષક તરીકે ફરજ બજાવવાના શ્રીગણેશ થયા હતા. હાલ પ્રાથમિક શાળા, ખડીપુરા (સારસા), તાલુકો, જિલ્લો - આનંદમાં આચાર્યપદ શોભાવી રહ્યાં છે.

શ્યામની સંસારની પ્રણયકથા પણ મજાની છે. ૧૯૮૯ માં ધર્મજના દાંતના ડોકટર શ્રી નરેન્દ્રભાઇ દાદા રવિશંકર મહારાજના અનુયાયી હતા. તેઓ એ સ્વખર્ચે બ્રાહ્મણ કન્યા ગીતાબહેન સાથે લગ્ન કરાવી આપ્યાં. શ્યામ અને ગીતાના પ્રેમનાં પરિપાક સ્વરૂપે સુપુત્રી દ્યુતિ અને સુપુત્ર પ્રિયંકનું આગમન થયું, શ્યામભાઇ વ્યાસ શાળા, પરિવારમાં કર્તવ્ય નિષ્ઠા બજાવતાં - બજાવતાં સેવા કાર્યમાં ખડે પગે રહે છે. શિક્ષા અભિયાનની ગ્રાન્ટ દ્વારા સેવા કરે છે. તો રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલમાં અંધત્વ, માલ્યુટેશન, નેત્રયજ્ઞ, તાલીમ શિબિરમાં સક્રિય છે. મૈત્રી મંડળ ટ્રસ્ટ, આણંદ - મુંબઇ દ્વારા આણંદ જિલ્લા બહારની ૪૮૫ શાળાઓને મેડિકલ, શિક્ષણ સહાય અપાવી છે. સાંઇ શ્રુતિ ચેરિટેબલ ટ્રસ્ટને (હેરો લંડન) આણંદમાં રજીસ્ટ્રેશન કરી, માનદ્ મંત્રી તરીકે જીવદયામાં ૮૫ ઘરડી ગાયોનું ઘર કાર્યરત કર્યું છે. આ શિક્ષણકર્મી ડો. દોશીકાકા સાથે રખડી અનેક સેવા કાર્યો કરી રહ્યાં છે. માનો ખોળો પ્રાપ્ત થયો છે. તેવા મુરબ્બી લીનાબહેનની મીઠી મધુર યાદ વ્યક્ત કરી લે છે. એમની દાદાની અને સૌ વડીલોની છત્ર છાયાથી શ્યામભાઇ વ્યાસને ગુજરાતમાંથી સિસ્ટર નિવેદીતા શાળા - રાજકોટ તરફથી અને તાજેતરમાં જ વર્ષ - ૨૦૧૧ માં શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ પારિતોષિકથી પૂ. મોરારિબાપુના હસ્તે નવાજવામાં આવ્યાં છે.

વગડાના ફૂલોના આ માળીનો બાગ સદાય લીલોછમ્મ રહે અને તે હંમેશ સ્વસ્થ, પ્રસન્ન રહી ફૂલોને ખિલવી તેની માવજત કર્યા કરે, તેવી અનેકાનેક શુભેચ્છા - અભિનંદન.

તેમનો મો. નં. છે - ૯૮૨૪૫૮૯૯૪૧

એન્ટીરેગીંગ એફિડેવીટનો આંકડો એક લાખથી ઉપર

નવી દિલ્હી,તા. ૨૯

રેગીંગના બનાવને રોકવા માટે તમામ સંભવિત પગલા લેવામાં આવ્યા હોવા છતાં રેગીંગના કિસ્સાઓમાં નિયમિતપણે વધારો થયો છે. આંકડા ભારે ચિંતા જગાવે છે. એન્ટીરેગીંગ એફિડેવીટનો આંકડો એક લાખ સુધી પહોંચી ગયો છે. એમ માનવામાં આવે છે કે આ આંકડો આગામી વર્ષ સુધી અનેકગણો વધી શકે છે. આ વર્ષે જુલાઈ મહિનામાં સરકારની એન્ટીરેગીંગ ઝુંબેશમાં તેજી લાવી હતી અને કેટલાક ફેરફાર કર્યા હતા. એક વર્ષ સુધી કાર્યક્રમ પર નજર રાખવા અમનસત્ય કચરુ ટ્રસ્ટની નિમણૂંક યુજીસી દ્વારા કરવામાં આવી હતી. હિમાચલપ્રદેશની મેડિકલ કોલેજમાં ઘૃણાસ્પદ રેગીંગના બનાવ બાદ આત્મહત્યા કરી લેનાર અમન કચરુના પિતા રાજ કચરુ સાથે મળીને એન્ટીરેગીંગની એક વેબસાઈટ પણ શરૂ કરવામાં આવી હતી. અન્ય બાબતોની સાથે સાથે આ વેબસાઈટ પર વિદ્યાર્થીઓ એન્ટીરેગીંગ એફિડેવીટ પણ દાખલ કરી શકે છે. સંબંધિત કોલેજોમાં પણ આ સંબંધમાં રજુઆત કરવામાં આવી શકે છે. એફિડેવીટનો આંકડો હવે એક લાખ ઉપર પહોંચી ગયો છે. ફરિયાદ કરવા માટે જુદાજુદા નંબરો આપવામાં આવ્યા છે.

નાણાંકીય ખાદ્ય ઘટાડી જીડીપીના ત્રણ ટકા સુધી લવાશે : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા.૨૯

કેન્દ્રિય નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે આજે કહ્યું હતું કે ભારત માર્ચ ૨૦૧૭ સુધી નાણાંકીય ખાદ્ય જીડીપીના ત્રણ ટકા સુધી નીચી લાવવાની દિશામાં આગળ વધશે. વધતીજતી અંદાજપત્રીય ખાદ્ય અંગે ચિંતા વ્યક્ત કરતા નાણાં મંત્રી પી. ચિદમ્બરમે મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા, ફુગાવાને અંકુશમાં લેવા અને વિકાસને વધારવાના હેતુસર પાંચ વર્ષીય રૂપરેખા રજુ કરી હતી. તેમણે ઉમેર્યુહતુ કે દેશ ઝડપથી આગળ વધે તેવી વ્યૂહરચના અપનાવવામાં આવશે. નાણાંકીય સ્થિતિનો ઉલ્લેખ કરતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે ૩૦૦૦૦ કરોડ અને સ્પેક્ટ્રમના વેચાણ મારફતે ૪૦૦૦૦ કરોડ ઉભા કરી શકશે. જરૂરી ખર્ચ માટે નાણાં પૂરતા ઉપલબ્ધ કરાવાશે. સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. ચિદમ્બરે કહ્યુ હતુ કે ડીટીસી અને જીએસટી બંનેની દિશામાં પ્રગતિ થઈ રહી છે. ડીટીસી બિલની ટૂંકમાં જ સમિક્ષા થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે દેશના ક્રેડિટ રેટિંગના ઘટાડાને રોકવા માટે વધતા જતા ખર્ચ પર કાબુ મુકવાની જરૂર છે. કોંગ્રેસના નેતૃત્વમાં શાસક ગઠબંધન હવે વિકાસને વેગ આપવા માટે ચાવીરૂપ સુધારા પ્રક્રિયાની દિશામાં અતિ ઝડપથી આગળ વધવા માગે છે. પોલીસી પગલા લેવામાં ખચકાટના કારણે તાજેતરમાં મુડીરોકાણને માઠી અસર થઈ હતી. ઉપરાંત આર્થિક વિકાસની ગતિ પણ ધીમી પડી હતી. જેના પરિણામસ્વરૂપે ચિંતા રહી હતી. હવે સરકાર ઝડપથી સુધારાની પ્રક્રિયામાં આગળ વધવા માંગે છે. હાલમાં કેટલાક આક્રમક પગલા લેવામાં પણ આવી ચુક્યા છે. આજે નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુંહતુંકેરોકાણકારોના વિશ્વાસને ફરી જગાવવાની જરૂર છે. સાથે સાથે નાણાંકીય મજબુતી પણ જરૂરી છે. એક વખતે આવા પગલા લેવામાં આવ્યા બાદ મુડીરોકાણમાં વધારો થશે અને લાંબા ગાળામાં સ્થિતી સ્થિર થશે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની બેઠકના એક દિવસ પહેલા ચિદમ્બરમે આ મુજબની વાત કરી હતી. રીઝર્વ બેંક આવતીકાલે તેની નિતી જાહેર કરનાર છે. રીઝર્વ બેંકના ગવર્નર ડી. સુબ્બારાવ શુક્રવારના દિવસે ચિદમ્બરમને મળ્યા હતા.ભારતની નાણાંકીય ખાદ્ય વર્ષ ૨૦૦૭-૦૮માં ૩.૫ ટકાથી વધીને ગયા વર્ષે જીડીપીના ૫.૮ ટકા સુધી થઈ ગઈ હતી. સરકારી પેનલે ગયા મહિનામાં અહેવાલમાં જણાવ્યું હતુ કેઝડપથી આર્થિક સુધારાની દિશામાં આગળ વધવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે વર્ષ ૨૦૧૨ માટે ભારત માટે તેની આર્થિક વિકાસ આગાહીને અગાઉ ૬.૧ ટકાથી ઘટાડીને ૪.૯ ટકા કરી દીધી હતી.

સ્પેક્ટ્રમ વેચાણથી ૪૦૦૦૦ કરોડ ઉભા કરવાની યોજના

નવી દિલ્હી,તા. ૨૯

નાણાંમંત્રી પી ચિદમ્બરમે આજે કહ્યુ હતુ કે ડાયરેક્ટ ટેક્સ કોડ(ડીટીસી) બિલ હાલ સમિક્ષા હેઠળ છે અને સ્થાયી સમિતિની ભલામણોને ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ સંસદમાં રજુ કરવામાં આવશે. તેમણે કહ્યુ હતું કે ડીટીસી બિલની ઝડપી સમિક્ષા કરાશે. વર્તમાન આર્થિક સ્થિતિ પર અમે નજર કરી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ડીટીસી અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(જીએસટી) બંનેમાં પ્રગતિ થઈ રહી છે. ડીટીસી બિલ ઈન્કમટેક્સ કાયદાની જગ્યા લેશે જ્યારે જીએસટી અન્ય કરોને આવરી લેશે. તેમણે ઉમેર્યુ હતુ કે ડિસઈન્વેસ્ટમેન્ટ વિભાગે આઠ પીએસયુમાં હિસ્સેદારી વેચવા માટે કેબિનેટની મંજુરી મેળવી લીધી છે. જે આઠ કંપનીઓમાં ડિસઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવનાર છે તેમાં એચસીએલ, નેલ્કો, સેઈલ, આરઆઈએનએલ, ભેલ, ઓઆઈએલ, એમએમટીસી અને એનએમડીસીનો સમાવેશ થાય છે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે સરકાર આધાર ઉપર મુખ્યરીતે આધારિત રહેશે. જેના આધાર ઉપર રોકડ સબસિડી ટ્રાન્સફર કરવામાં આવશે. ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે ૩૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરાશે. જ્યારે સ્પેક્ટ્રમના વેચાણથી ૪૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરાશે. ૨૦૧૧-૧૨માં આર્થિક વિકાસદર ઘટીને નવ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો છે. તેમાં હજુ ઘટાડો થવાની દહેશત દેખાઈ રહી છે. સરકારે શ્રેણીબદ્ધ સુધારા હાથ ધરવા જોઈએ. સબસિડી ઘટાડવી જોઈએ. ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં આગળ વધવું જોઈએ તેવી રજુઆત વિજય કેલકરના નેતૃત્વમાં કમિટી દ્વારા કરવામાં આવી છે. વર્તમાન ખાતાકીય ખાદ્યના બે પડકાર છે.

રાજસ્થાન : અણુ પ્લાન્ટની આજથી સમિક્ષા શરૂ થશે

નવી દિલ્હી,તા. ૨૯

ગ્લોબલ ન્યૂક્લિઅર વોચ ડોગ(આઈએઈએ)દ્વારા આવતીકાલથી રાજસ્થાનમાં પરમાણુ પ્લાન્ટની સમિક્ષા કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજસ્થાનમાં રાવતભાટામાં બે એટોમિક પાવરપ્લાન્ટની સમિક્ષાની પ્રક્રિયાને લઈને ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. ફુકુસીમા ન્યૂક્લિઅર અકસ્માત બાદ ભારતમાં પ્રથમ વખત આ પ્રકારની કવાયત હાથ ધરવામાં આવી છે. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીની ઓપરેશનલ સેફ્ટી રિવ્યુ ટીમ દ્વારા આવતીકાલ અને ૧૫મી નવેમ્બર વચ્ચે રાજસ્થાન એટોમિક પાવર સ્ટેશન(આરએપીએસ)ના યુનિટ ત્રણ અને ચારમાં ઓપરેશનલ સેફ્ટી સાથે સંબંધિત જરૂરી પ્રક્રિયાની સમિક્ષા કરવામાં આવશે. મૂળભૂતરીતે આ પ્રક્રિયા નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવનાર છે. એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડના ચેરમેન એસએસ બજાજ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. તેમણે કહ્યુ છે કે ન્યૂક્લિઅર પ્લાન્ટમાં નિરિક્ષણની પ્રક્રિયાને લઈને વૈજ્ઞાનિકો પણ સાવધાન છે. કોઈ પણ ન્યૂક્લિઅર પ્લાન્ટ માટે પ્રથમ વખત આ પ્રકારની કવાયત હાથ ધરવામાં આવનાર છે.